ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ ભૂજ–કચ્છ. ૩૭૦૦૦૧

ફોન.નં. (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
ફેક્સ નં. (૦૨૮૩૨) ૨૩૫૦૧૨

રેફ.નં.: ક.યુ./ જીલ્લા નોંધ – બી.એડ. /૨૩/૨૧૨૦ તા:– ૧૭/૦૮/૨૦૨૩

પ્રતિ,
તમામ મુખ્ય અખબારો તથા સ્થાનિક
ટી.વી. ન્યુઝ અને આકાશવાણી સમાચાર

**વિષય : જીલ્લાનોંધ પ્રસિધ્ધ કરવા બાબતે...**

શ્રીમાન,

જય ભારત સાથે ઉપરોત વિષયે જણાવવાનું કે, આ સાથે સામેલ રાખેલ **જીલ્લા નોંધ** આપના સુપ્રસિધ્ધ દૈનિકમાં સૌની નજરે પડે તે રીતે વિના મુલ્યે છાપવા વિનંતી.

આભાર સહ.

કચ્છ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાયનાન્સ બી.એડ. કોલેજોમાં જૂજ સીટો ખાલી છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા. ૨૧/૮/૨૦૨૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂમ નં. ૧૧૪ , વિદ્યાર્થી શાખા, કચ્છ યુનિવર્સિટી ખાતે હાજર રહેવું. જે વિદ્યાર્થીઓ દાદા દુખાયલ તથા વી.ડી.ઠક્કર બી.એડ. કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય પણ ફોર્મ ભરેલ ન હોય અથવા તો ફોર્મ ભરેલું હોય પણ અત્રે જમા કરાવેલ ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓ તે જ સમયે અત્રેથી ફોર્મ મેળવી તથા જમા કરાવી શકશે જેની નોંધ લેવી. તથા એમ.ડી. કોલેજ અને એસ.ડી.શેઠીયા કોલેજ માટે વેઈટીગ લીસ્ટમાં પૂરતા વિદ્યાર્થીઓ હોવાથી તેમને ફોર્મ ભવાની જરૂરીયાત રહેશે નહી. પ્રવેશ તથા કેટેગરી વાઈસ સીટો અંગેની વધુ માહિતી માટે કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ www.kskvku.ac.in નો સંપર્ક કરવો.

કુલસચિવ,

# બી.એડ. પ્રવેશ નોટીસ
# ચોથો પ્રયત્ન

## મેરીટ યાદી તથા પ્રવેશ કાર્યવાહીની તારીખો

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૫ માટે કચ્છ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાયનાન્સ બી.એડ. કોલેજોમાં નીચે મુજબના કોષ્ઠકમાં દર્શાવ્યા મુજબની જૂજ સીટો ખાલી છે. જે વિદ્યાર્થીઓ દાદા દુખાયલ તથા વી.ડી.ઠક્કર બી.એડ કોલેજમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય પણ ફોર્મ ભરેલ ન હોય અથવા તો ફોર્મ ભરેલું હોય પણ અત્રે જમા કરાવેલ ન હોય તેવા તમામ વિદ્યાર્થીઓ તે જ સમયે અત્રેથી ફોર્મ મેળવી તથા જમા કરાવી શકશે. એસ.ડી.શેઠીયા કોલેજ ઓફ એજ્યુકેશન તથા એમ.ડી.કોલેજ ઓફ એજ્યુકેશન માટે પૂરતા પ્રવેશ ફોર્મ અત્રે જમા હોવાથી આ બન્ને સંસ્થાઓ માટે ફોર્મ ભરવાના રહેશે નહી જેની ખાસ નોંધ લેવી.

પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ **તા. ૨૧/૮/૨૦૨૩** ના રોજ **સવારે ૧૧:૦૦ કલાકે રૂમ નં. ૧૧૪ , વિદ્યાર્થી શાખા, કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ** ખાતે હાજર રહેવું. પ્રવેશ સંપૂર્ણપણ મેરીટના ધોરણે કરવામાં આવશે.

| કેટેગરી | એસ.ડી.શેઠીયા કોલેજ, મુન્દ્રા | એમ.ડી કોલેજ, ભૂજ | દાદા દુખાયલ કોલેજ, આદીપુર | વી.ડી.ઠક્કર કોલેજ, ગાંધીધામ |
|---|---|---|---|---|
| ST | 00 | 00 | 00 | 01 |
| SC | 00 | 01 | 00 | 00 |
| SEBC | 00 | 00 | 01 | 03 |
| EWS | 00 | 00 | 01 | 03 |
| OPEN | 01 | 01 | 02 | 03 |

ઉપરોક્ત તારીખે જે તે વિષય માં ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી ની રકમ રોકડમાં જમા કરાવવાની રહેશ. પ્રવેશ સમયે તમામ અસલ માર્કશીટો તથા પ્રમાણપત્રો સાથે યુનિવર્સિટી કાર્યાલયમાં વિદ્યાર્થીએ જાતે જ હાજર રહેવું. જે વિદ્યાર્થી આ તારીખે અને સમયે હાજર નહી રહે તે વિદ્યાર્થીને પ્રવેશ લેવો નથી તેમ સમજવામાં આવશે. કોલેજોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | કોલેજનું નામ | કોલેજનું પ્રકાર | ફી ની વિગત |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ.ડી. શેઠિયા કોલેજ ઓફ એજ્યુકેશન, મુન્દ્રા | ગ્રાન્ટ ઈન એઈડ | રૂ.૨૨૬૦/– ભાઈઓ<br>રૂ. ૧૦૧૦/– બહેનો માટે |
| ૨ | દાદા દુખાયલ બી.એડ કોલેજ,આદિપુર | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |
| ૩. | એમ.ડી.કોલેજ ઓફ એજ્યુકેશન, હરીપર,તા.ભુજ | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |
| ૪. | શ્રીમતિ વી.ડી.ઠક્કર કોલેજ ઓફ એજ્યુકેશન, ગાંધીધામ. | સેલ્ફ ફાયનાન્સ | રૂ. ૧૫,૦૦૦/– |

**સુચનાઓ:–**

(૧) પ્રવેશ માટે આવનારા ઉમેદવારોને પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે. પ્રવેશ મળશે જ એમ માનવું નહિં કારણ કે કુલ બેઠકો કરતા કેટલાક ગણા વધુ ઉમેદવારોને બોલાવામાં આવેલ છે. એટલે પ્રવેશ ન મળે તો તે અંગે કોઈ મૌખિક / લેખિત ફરિયાદ સાંભળવામાં આવશે નહિ.

(૨) પ્રવેશ મળ્યા બાદ પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થઈ શકશે નહી. તેમજ અન્યત્ર તબદીલ પણ થઈ શકશે નહી, તેથી સંસ્થા અંગે ખુબ વિચારીને ઉપલબ્ધ જગ્યાઓના આધારે અંતિમ નિર્ણય લેવો.

(૩) પ્રવેશ સમયે ધોરણ – ૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના તમામ મુળ ગુણ પત્રકો, મુળ શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા પછાત વર્ગના હોવાનાં મુળ પ્રમાણપત્રો ફરજિયાત લાવવાના રહેશે. અન્યથા પ્રવેશ મળશે નહિ.

(૪) SEBC ના ઉમેદવારોને પ્રવેશ સમયે ક્રિમીલેયર ( ઉન્નતવર્ગ) માં નથી આવતા તે મતલબનું તા.૧/૪/૨૦૨૧ પછીનું અદ્યતન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અન્યથા તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર રહેશે. તેની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહિ.

(૫) પ્રવેશ મેળવવા માટે ઉમેદવારોએ સમયસર સ્વખર્ચે અચુક હાજર રહેવું અને સાથે પોતાનું ઓળખકાર્ડ અચુક રાખવું. પ્રવેશ કાર્યવાહી વેળા ઉપસ્થિત ન હોય તેવા કોઈ પ્રવેશાર્થીની પ્રવેશ સબંધી કોઈ રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૬) અનામત કેટેગરીના વિદ્યાર્થી કે જે જનરલ કેટેગરીમાં દર્શાવેલ મેરીટ કરતા વધુ મેરીટ ધરાવતા હોય તો તેઓએ પણ અવશ્ય હાજર રહેવું.

(૭) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા ઉપરોક્ત વિગતે દર્શાવેલ પ્રથમ સત્રની ફી રોકડમાં જમા કરાવવાની રહેશે, જે વિદ્યાર્થીઓ ફી જમા નહિ કરાવે તેમને એડમિશન મળશે નહી.

**કુલસચિવ**
**કચ્છ યુનિવર્સિટી,ભુજ**